# વડોદરા મહાનગરપાલિકા

## સીધી ભરતી માટેની જાહેરાત
## (જાહેરાત ક્રમાંકઃ ૯૦૬/૨૦૧૮-૧૯)

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | કેટેગરી |
|---|---|---|---|
| ૧ | એજ્યુકેશન ઓફીસર (ઝૂ) | ૦૧ | સામાન્ય – ૦૧ |

1. **Educational Qualification & Experience:**
   1. M.Sc. in Zoology

      **OR**

      M.Sc. in Wildlife Science with First Class or CGPA equal to 6.0 or above
   2. Minimum 01Year experience with any Major Zoo

      **OR**

      Minimum 02-year experience in any academic or Research institution.
2. **Pay Scale:**

   As Per Seventh Pay Commission Level – 9 (Pay Matrix 53100 - 167800)

3. **Age:** Not More than 35 years.

## <u>જાહેરાતની સામાન્ય જોગવાઇઓઃ</u>

1. ઉપર જણાવેલ જગ્યા માટે ઉમેદવારી કરતાં પહેલાં ઉમેદવારે પોતે જરૂરી પાત્રતા ધરાવે છે કે નહીં તેની ખાત્રી કરવી.
2. રસ ધરાવતા ઉમેદવારોએ તા.૦૭–૦૨–૨૦૧૯ (૧૧–૦૦ કલાક) થી તા.૧૭–૦૨–૨૦૧૯ (૨૩–૫૯ કલાક) દરમ્યાન **www.vmc.gov.in** વેબસાઇટ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઓનલાઇન અરજી કરતાં પહેલા ભરતીને લગતી માહિતી તેમજ સુચનાઓ **www.vmc.gov.in** ઉપરથી વાંચી લેવાની રહેશે.
3. **<u>વયમર્યાદાઃ</u>** અરજી સ્વીકારવાની છેલ્લી તારીખને ધ્યાને લઇને ઉંમર ગણવામાં આવશે.
4. **<u>વયમર્યાદામાં છુટછાટઃ</u>**

   વડોદરા મહાનગર પાલિકા ના કર્મચારીને ઉપલી વય મર્યાદામાં ઉંમરનો બાધ રહેશે નહી. તેઓએ પણ ઓનલાઇન અરજી કરવાની રહેશે.
5. મહિલા ઉમેદવારને પ્રવર્તમાન નિયમોનુસાર ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે.
6. ગુજરાત સરકારના સરકારી/અર્ધ–સરકારી/સરકાર હસ્તકના કોર્પોરેશન/કંપનીઓમાં સેવા બજાવતાં અધિકારી/કર્મચારીઓએ પણ ઓનલાઇન અરજી કરવાની રહેશે. તેમજ પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી વખતે ઉમેદવારે સક્ષમ અધિકારીનું ના–વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
7. ઉમેદવારે નિયત અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ કચેરી દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે તે તબકકે રદ ગણવામાં આવશે.
8. ઉમેદવારે અરજીમાં દર્શાવેલ કેટેગરીમાં પાછળથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.
9. ઉમેદવારે સરકાર માન્ય સંસ્થામાંથી જગ્યાને અનુરૂપ CCC+ લેવલનો કોમ્પ્યુટર કોર્ષ અવશ્ય પાસ કરેલ હોવો જોઇએ અથવા નિમણુંક થયા તારીખથી ૦૬ માસ સુધીમાં સદર કોર્ષ પાસ કરવાનો રહેશે.
10. **<u>અરજી ફી સ્વીકારવા/જમા કરાવવા અંગેઃ</u>**

    એ. ઉમેદવારોએ અરજી ફી પેટે રૂ.૨૦૦/– ઓનલાઇન જ ભરવાના રહેશે.

    બી. ઉમેદવાર જયારે VMC વેબસાઇટ પર પોતાની અરજી સબમીટ કર્યા બાદ, તેઓને અરજી ફી ઓનલાઇન ભરવાની રહેશે. ફી ની રકમ ફકત ઓનલાઇન જ ક્રેડીટ/ડેબિટ/નેટ બેંકિંગ દ્વારા ભરવાની રહેશે. ફી ભર્યા અંગેના ચલણની નકલ મેળવી ઉમેદવારે સાચવી રાખવાની રહેશે, અને

પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત/મૈખિક કસોટી સમયે કોલલેટર સાથે અચૂક લાવવાની રહેશે. ફી ભરેલ અરજી જ રજિસ્ટર્ડ થશે. ફી ભર્યા વગરની અરજી સીસ્ટમ માં રજિસ્ટર્ડ થશે નહિ.

સી. જો ઉમેદવાર ફી ભર્યાની નકલ તથા એપ્લીકેશન ફોર્મ સાથે નહી લાવે તો તેવા ઉમેદવારોને પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત/મૈખિક કસોટી માં પ્રવેશ આપવામાં આવશે નહી.

ડી. અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહી.

ઇ. **ઓનલાઇન ફી ભરવાની છેલ્લી તા.૧૭–૦૨–૨૦૧૯ રહેશે.**

એફ. તમે લાયકાત ધરાવો છો કે કેમ ? તેની ખાતરી કર્યા બાદ જ અરજી ફોર્મ તથા ફી ભરવી. લાયકાત ન ધરાવતા હોવા છતાં ફી ભરેલ હોઇ તેવી અરજી રદ ગણાશે. અરજી ફી ભર્યા બાદ કોઇ પણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.

11. ભરતી પ્રક્રિયા દરમ્યાન જો કોઇ ઉમેદવાર દ્વારા સીધી અથવા આડકતરી રીતે રાજકીય કે અન્ય કોઇ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.

12. ઉમેદવારે અરજી પત્રકમાં કોઇ પણ વિગત ખોટી બતાવેલ હશે અને તે ધ્યાનમાં આવશે તો તેનું અરજીપત્રક/નિમણુંક કોઇ પણ તબકકે રદ કરવામાં આવશે.

13. આ જાહેરાત અન્વયેની ભરતી અંગે લેખિત પરિક્ષા/મૌખિક ઇન્ટરવ્યુ બાબતે વડોદરા મહાનગર પાલિકા ના સક્ષમ અધિકારીશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવશે.

14. પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત/મૈખિક કસોટી માટે બોલાવવામાં આવતા ઉમેદવારોને કોઇપણ જાતનું મુસાફરી ભથ્થુ મળવાને પાત્ર થશે નહીં.

15. આ જાહેરાત કોઇ પણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સંપૂર્ણ હક/અધિકાર મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા ને રહેશે.

16. ઉમેદવારને ઓનલાઇન અરજી કર્યા બાદ જાહેરાત સંબંધી અન્ય કોઇ સુચના માટે www.vmc.gov.in વેબસાઇટ સતત જોતા રહેવા અનુરોધ છે.

**ડે.મ્યુનિ.કમિશ્નર**

**તા.૦૭–૦૨–૨૦૧૯.** **વડોદરા મહાનગરપાલિકા.**